# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-06-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વસતિ ગણતરિનો પ્રારંભ:

વસતિ ગણતરી ૨૦૨૭ના પ્રથમ તબક્કાનો આજથી સમગ્ર દેશ સાથે કચ્છ જિલ્લામાં વિધિવત પ્રારંભ થયો છે. આગામી ૩૦ જૂન સુધી ચાલનારા આ તબક્કામાં ૪,૦૦૦ જેટલા ગણતરીદારો કચ્છમાં ઘરે-ઘરે જઈને મકાનો અને ઘરયાદીની નોંધણી કરશે. સંપૂર્ણ ડિજિટલ ફોર્મેટમાં થનારી આ કામગીરીમાં નાગરિકોને આવાસ, કુટુંબની વિગતો અને સુવિધાઓ અંગે વિવિધ ૩૩ પ્રશ્નો પૂછી ડેટા સીધો પોર્ટલ પર અપલોડ કરાશે.

અગાઉ મે માસમાં ચાલેલી 'સ્વગણતરી ઝુંબેશ'ને કચ્છમાં જોઇએ તેટલો પ્રતિસાદ મળ્યો ન હતો અને માત્ર ૯,૦૦૦ લોકોએ વિગતો ભરી હતી, જેની હવે ચકાસણી થશે. આ પ્રથમ તબક્કાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, વસતિ ગણતરીનો બીજો તબક્કો આગામી વર્ષે ૯ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન યોજાશે. આ બીજા તબક્કામાં મુખ્ય વસતિ ગણતરીની સાથે-સાથે જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## હવામાન :

હવામાન વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આજે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત દેવભૂમિદ્વારકા, જામનગર અને પોરબંદર સિવાયના જિલ્લાઓમાં માવઠાંની શક્યતા છે. હવામાન વિભાગની પ્રી-મોન્સૂન એક્ટિવિટીની આગાહી વચ્ચે કચ્છમાં પણ આજે વહેલી સવારથી ધૂપછાંવનો માહોલ જોવા મળી રહ્યો છે. પવનની ગતિ મંદ પડતાં અને વાતાવરણમાં ભેજ વધતાં લોકો ઉકળાટથી આકુળ-વ્યાકુળ બન્યા હતા.

આજે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 37.8 ડિગ્રી અને નલિયામાં 35.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસમાં કચ્છના કેટલાક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી યથાવત્ રાખી છે. જોકે, નિષ્ણાતોના મતે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય હોવા છતાં, પશ્ચિમી વિક્ષોભ દક્ષિણ-પશ્ચિમ તરફ ફંટાતા કચ્છમાં વરસાદની તીવ્રતા ઓછી રહેવાનું અનુમાન છે. હાલ સમગ્ર જિલ્લામાં વાદળોની સામાન્ય આવન-જાવન જોવા મળી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રી-મંત્રીઓ સમક્ષ રજુઆત:

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ ગાંધીનગરની મુલાકાત લઈ મુખ્યમંત્રી સહિત વિવિધ મંત્રીઓ સમક્ષ મતવિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી હતી. તેમણે દયાપર કોલેજ, જાબરી અને લૈયારી ડેમ માટે જમીન મંજૂરી, નવા વીજ સબ સ્ટેશન, આરોગ્ય કેન્દ્રો અને શાળાઓ શરૂ કરવા રજૂઆતો કરી હતી. આ ઉપરાંત, સ્થાનિક ઉદ્યોગોમાં રોજગારી, નર્મદા યોજનાના કામો અને રસ્તા-પુલિયાના કામો સમયસર પૂર્ણ કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ મૂકી હતી. મંત્રી મંડળના સભ્યો સાથેની આ બેઠકમાં અબડાસાના વિકાસલક્ષી મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત:

ભુજ તાલુકાના ભુજોડી પાસે આજે ભુજ-રાજકોટ રૂટની એસટી વોલ્વો બસ અને ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બંને વાહનોના ચાલકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકોએ ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. કચ્છ જિલ્લામાં  વધતા જતા માર્ગ અકસ્માતના બનાવો નાગરિકો અને તંત્ર માટે ચિંતાજનક બન્યા છે.

---------------------------------------------------------------------------------------------

## મગરોનું રેસ્કયુ:

કચ્છના ગજોડ ડેમના સૂકાઈ ગયેલા ભાગમાં ફસાયેલા ૬ મગરોને વન વિભાગ અને રેસ્કયૂ ટીમે સતત ૪ કલાકની ભારે જહેમત બાદ સુરક્ષિત બહાર કાઢ્યા છે. બચાવવામાં આવેલા મગરોમાં ૧૦ ફૂટના એક મહાકાય મગરનો પણ સમાવેશ થાય છે. કોઈપણ મગરને ઇજા ન પહોંચે તે રીતે આ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડી તમામ મગરોને ડેમના ઊંડા પાણીવાળા વિસ્તારમાં મુક્ત કરાયા હતા. કચ્છમાં પહેલીવાર એક જ સ્થળેથી આટલી મોટી સંખ્યામાં મગરોનું સુરક્ષિત રેસ્કયૂ કરાયું છે.

---

## મહિલાઓ માટે તાલીમ:

મહિલાઓ સામાજિક-આર્થિક રીતે સશક્ત અને આત્મનિર્ભર બને તે હેતુથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ભુજ ખાતે નિ:શુલ્ક જનરલ તાલીમનું આયોજન કરાયું છે. તજજ્ઞો દ્વારા આપવામાં આવનારી આ તાલીમનો સમયગાળો ૧ માસનો રહેશે અને પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર પણ અપાશે. રસ ધરાવતી મહિલાઓએ ભુજ મુંદરા રોડ પર આવેલા સેવા સદન સ્થિત 'જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી' રૂમ નં. ૨૦૩ ખાતેથી અરજી ફોર્મ મેળવી પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

---

## અંજાર નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરી:

આગામી ચોમાસાને ધ્યાને રાખી અંજાર નગરપાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીનો આરંભ કરાયો છે. શહેરમાં જળભરાવની સમસ્યા ન સર્જાય તે માટે ૧૫ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. વોર્ડ નં. ૧ થી ૯ ને બે ઝોનમાં વહેંચી, બે જેસીબી અને ચાર ટ્રેક્ટર દ્વારા વરસાદી નાળાઓની સફાઈ શરૂ કરવામાં આવી છે. લોકોના ઘરોમાં પાણી ન ભરાય તે રીતે આયોજન હાથ ધરાયું છે. પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકાએ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્ય અધિકારી તુષાર ઝાલરીયાના માર્ગદર્શન હેઠળ એન્જિનિયર સહિતની ટીમ આ કામગીરી સંભાળી રહી છે.